## <u>આંક–૧ લગત હુકમ</u>

**૧.** આ કામે આરોપી સામે ફરીયાદ દાખલ થતા તપાસના અંતે ઈ.પી.કો. કલમ–૨૮૩ મુજબનું ચાર્જશીટ રજુ કરવામાં આવતા, આરોપી વિરૂધ્ધ પ્રોસેસનો હુકમ કરવામાં આવેલ જે વગર બજ્યે પરત આવેલ છે. આરોપી મળી આવતા નથી.

**૨.** આ તબક્કે ફોજદારી કાર્યરીતિ સંહિતા કલમ–૨૫૮ વંચાણે લેવી જરૂરી છે જે નીચે મુજબ છે.

**કલમ–૨૫૮, કેટલાક કેસમાં કાર્યવાહી બંધ કરવાની સત્તા.**

ફરીયાદ પરથી દાખલ થયેલ હોય તે સિવાયના કોઈ સમન્સ–કેસ પ્રથમ વર્ગના મેજીસ્ટ્રેટ અથવા ચીફ જ્યુડીશીય મેજીસ્ટ્રેટની પુર્વ મંજુરીથી અન્ય કોઈ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, ચુકાદો ઘૌષિત કર્યા સિવાય તેના કારણો નોંધીને કોઈપણ તબક્કે કાર્યવાહી બંધ રાખી શકશે તથા મુખ્ય સાહેદોનો પુરાવો નોંધ્યા બાદ આવી કાર્યવાહી બંધ રાખવામાં આવી હોય, તો નિર્દોષ ઠરાવી મુક્ત કરતો ચુકાદો ઘોષિત કરી શકશે તથા અન્ય કોઈ કિસ્સામાં આરોપીને છોડી મુકશે તથા આવા છૂટકારાથી બિનતહોમત મુક્ત કરવામાં આવે, તેવી અસર થશે.

**૩.** આમ, આ કલમ વંચાણે લેતા, સ્પષ્ટ છે કે ફરીયાદ પરથી દાખલ થયેલો હોય તે સિવાયના કોઈ સમન્સ કેસમાં આ અદાલતને ચુકાદો ઘોષિત કર્યા સિવાય તેના કારણો નોંધીને કોઈપણ તબક્કે કાર્યવાહી બંધ રાખી શકવાની સત્તા આપવામાં આવેલ છે. વધુમાં જો મુખ્ય સાહેદોનો પુરાવો નોંધ્યા બાદ કાર્યવાહી બંધ રાખવામાં આવે, તો આરોપીને નિર્દોષ ઠરાવી, મુક્ત કરવો જોઈશે અને જો અન્ય કોઈ કિસ્સામા આરોપીને છોડી મુકશે અને આવા છુટકારાથી બિન–તહોમત કરવામાં આવે, એવી અસર થશે. આ કલમ પરથી એ પણ સ્પષ્ટ થાય છે કે, જ્યારે મુખ્ય સાહેદનો પુરાવો લેવાયો ન હોય, તો આરોપીને મુક્ત કરવામાં આવે ત્યારે બિન–તહોમત મુક્ત કરવામાં આવ્યા હોય, તેવી અસર થાય છે અને તે કારણે આરોપી સામે ભવિષ્યમાં નવેસરથી કાર્યવાહી આગળ ચલાવી શકાય અને ત્યારે આરોપી સામે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ કલમ–૩૦૦(૧) અને (૫) નો બાધ આવશે નહિં. વધુમાં આ કલમથી અદાલતને પ્રોસીડીંગ રિવાઈવ કરવાની પણ સત્તા આપવામાં આવેલ છે.

**૪.** આમ, ઉપરોક્ત કાયદાકીય જોગવાઈ તેમજ વર્તમાન આરોપી સામેનું સમગ્ર ચાર્જશીટ ધ્યાને લેતા સમન્સ ટ્રાયેબલ ગુનાનો આક્ષેપ છે. હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી, ફરીયાદ

કલમ–૨(ઘ) પરથી શરૂ થયેલ નથી. રેકર્ડ જોતા આરોપીને પ્રોસેસ કરતા આરોપી જણાવેલ સરનામે મળી ન આવતા હોય કે નજીકના ભવિષ્યમાં મળી આવે તેમ જણાતુ ન હોય કેસનું ભારણ બીનજરૂરી રીતે કોર્ટને કહેતુ હોય, પ્રોસેસ વગર બજે પરત આવેલ છે. એવા સંજોગોમાં હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી કાયદા મુજબ આગળ ચલાવવી ન્યાયના હિતમાં ઉચિત જણાતી ન હોઈ, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

(૧) હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૫૮ હેઠળ બંધ રાખી, આરોપીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) પોલીસે કબજે કરેલ મુદ્દામાલ રોકડ રકમ સરકાર ખાલસા કરવુ અને અન્ય મુદ્દામાલનો નાશ કરવો

(૩) પોલીસે કબજે લીધેલ મુદ્દામાલ ઈલેક્ટ્રોનીક સાધનો/મોબાઈલ ફોન/ વાહન તથા અન્ય મુદ્દામાલ અંગે જો કોઈ વચગાળાન હુકમ કરેલ હોય તો તે કાયમ કરવો અન્યથા તે મુદ્દામાલની જાહેર હરાજી કરી તેના ઉપજોલ નાણા સરકારશ્રીમાં જમા કરાવવા.

(૪) મુદ્દામાલ તરીકે જો સોનાના દાગીના હોય અથવા તો સોનાની ધાતુ હોય તો અપીલ સમય વિત્યે તેની કાયદેસરની કાર્યવાહી કરી સરકારી મિન્ટમાં જમા કરાવવા હુકમ કરવામાં આવે છે.

(૫) આ સિવાય અન્ય નોન વેલ્યુએબલ મુદ્દામાલ તથા હથીયારનો અપીલ સમય વિત્યેથી નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૬) આ હુકમની સંબંધીત પોલીસ સ્ટેશને યાદી કરી જાણ કરવી.

હુકમ આજરોજ તા.૨૬મી માહે જુન સને ૨૦૨૨ ની લોક અદાલતના સ્પેશ્યલ સીટીંગમાં જાહેર કર્યો.

તા.૨૬–૦૬–૨૦૨૨
સુરત.

(હરીશ હસમુખભાઈ વર્મા )
ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,સુરત.
(GJ 00821)